પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૨ | ૫ માર્ચ, ૨૦૨૦, ગુરૂવાર; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના કાબુ બહાર : વૈશ્વિક હાહાકાર

**કોરોના વાયરસથી વિશ્વના દેશોમાં મૃતાંક વધી ૩૨૧૯ : વિશ્વમાં કુલ કેસોની સંખ્યા ૯૪૧૯૨ થઇ ગઇ : એકલા ચીનમાં કોરોના વાયરસના પરિણામે મોતનો આંક વધી ૨૯૮૧ થયો છે : ચીનમાં ૨૪ કલાકમાં ૩૮ના મોત**

બેજિંગ,તા. ૪

કોરોના વાયરસના કારણે દુનિયાના ૭૬થી વધારે દેશો સકંજામાં આવી ગયા છે. કોરોના વાયરસના કારણે વિશ્વના દેશોમાં મોતનો આંકડો વધીને ૩૨૧૯ સુધી પહોંચી ગયો છે. જ્યારે કુલ કેસોની સંખ્યા ૯૪૧૯૨ સુધી પહોંચી ગઈ છે. અસરગ્રસ્ત દેશોમાં કોરોના પર કાબુ મેળવી લેવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે સ્થિતી હજુ બેકાબુ બનેલી છે. ચીનમાં મોતનો આંકડો ૨૯૮૧ સુધી પહોંચી ગયો છે. ચીનમાં ૨૪ કલાકમાં ૩૮ના મોત થયા છે. ચીનમાં ગંભીર રહેલા કેસોની સંખ્યા પણ ૬૪૧૯ કરતા વધારે છે. જેથી મોતનો આંકડો હજુ ખુબ ઉપર પહોંચી શકે છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ

● અનુસંધાન પાન-૭ પર



### વિશ્વના ૮૨ દેશોમાં કોરોના

| | |
|---|---|
| વિશ્વના કુલ દેશો પ્રભાવિત | ૮૨ |
| વિશ્વના કુલ દેશોમાં કેસોની સંખ્યા | ૯૪૧૯૨ |
| વિશ્વના કુલ દેશોમાં મોત | ૩૨૧૯ |
| વિશ્વના દેશોમાં રિકવર લોકોની સંખ્યા | ૫૧૧૮૭ |
| ગંભીરરીતે અસરગ્રસ્ત લોકોની સંખ્યા | ૬૭૭૧ |
| માઇલ્ડ કેસોની સંખ્યા | ૩૩૦૧૩ |
| બંધ કરાયેલા કેસોની સંખ્યા | ૫૪૪૦૬ |
| એક્ટિવ કેસોની સંખ્યા | ૩૯૭૮૬ |

નોંધ : આંકડા તમામ દેશો દરરોજના આધાર પર છે.

### વિશ્વના દેશોમાં વ્યાપક દહેશત

| દેશ | કુલ કેસ | નવા કેસ | મોતનો આંકડો |
|---|---|---|---|
| ચીન | ૮૦૨૮૨ | ૧૩૧ | ૨૯૮૧ |
| દક્ષિણ કોરિયા | ૫૬૨૧ | ૪૩૫ | ૩૩ |
| ઈરાન | ૨૯૨૨ | ૫૮૬ | ૯૨ |
| ઈટાલી | ૨૫૦૨ | - | ૮૯ |
| ડાયમંડ પ્રિન્સેસ | ૭૦૬ | - | ૬ |
| જાપાન | ૩૦૪ | ૧૧ | ૬ |
| જર્મની | ૨૪૦ | ૩૭ | - |
| ફ્રાંસ | ૨૧૨ | - | ૦૪ |
| સ્પેન | ૧૮૨ | ૧૭ | ૦૧ |
| અમેરિકા | ૧૨૮ | ૦૪ | ૦૯ |
| સિંગાપુર | ૧૧૦ | - | - |
| હોંગકોંગ | ૧૦૧ | - | ૦૨ |
| સ્વિચ | ૬૧ | ૦૩ | - |
| કુવૈત | ૫૬ | - | - |
| યુકે | ૫૩ | ૦૨ | - |
| મલેશિયા | ૫૦ | ૧૪ | - |
| બહેરિન | ૪૯ | - | - |
| થાઈલેન્ડ | ૪૩ | - | - |
| ઓસ્ટ્રેલિયા | ૪૨ | ૦૩ | ૦૧ |
| તાઈવાન | ૪૨ | - | ૦૧ |
| કેનેડા | ૩૩ | ૦૩ | - |
| નોરવે | ૩૩ | - | - |
| ઈરાક | ૩૨ | - | ૦૧ |
| સ્વીડન | ૩૨ | ૦૨ | - |
| ભારત | ૨૮ | ૨૧ | - |
| ઓસ્ટ્રીયા | ૨૭ | ૦૩ | - |
| યુએઈ | ૨૭ | - | - |
| બેઝિયમ | ૨૩ | ૦૮ | - |
| નેધરલેન્ડ | ૨૩ | - | - |

# કોરોના વાયરસનો ભારતમાં પગ પેસારો

**૧૬ વિદેશી સહિત ૨૮ નવા દર્દીઓ મળી આવતા આરોગ્યતંત્ર દોડતુ થયુ : જયપુરમાં ૧૬ અને આગરામાં ૬ દર્દીઓ**

નવી દિલ્હી, તા. ૪

ભારતમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૨૮ કેસ મળ્યા છે. જેમાં ૧૨ ભારતીય અને ૧૬ વિદેશી નાગરિકો સામેલ છે. ૧૨ ભારતીયો પૈકી કેરળમાંથી મળી આવેલા ત્રણ દર્દીઓને રજા આપી દેવાઈ છે. જ્યારે નવ દર્દીઓમાં દિલ્હી, તેલંગાણા અને જયપુરમાં એક-એક દર્દીઓ મળી આવ્યા છે. આગરાના એક જ પરિવારના છ દર્દીઓની સારવાર દિલ્હીમાં ચાલી રહી છે. તકેદારીના પગલાં સ્વરૂપે હવે વિદેશથી આવતા તમામ નાગરિકોનુ સ્ક્રીનીંગ કરવાનો નિર્ણય ભારત સરકારે લીધો છે.

ભારતમાં કોરોના વાયરસની સ્થિતિ ચિંતાજનક બની રહી છે. માર્ચ મહિનાના પ્રારંભે જ એક પછી એક નવા દર્દીઓ મળી આવતા આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયુ છે. અત્યાર સુધી ૧૨ દેશોમાંથી આવતા નાગરિકોનું સ્ક્રીનીંગ થતુ હતુ હવે વિદેશમાંથી આવતા તમામ પ્રવાસીઓનુ સ્ક્રીનીંગ કરવાનો નિર્ણય ભારત

● અનુસંધાન પાન-૭ પર



# કોરોના સંદર્ભે મોદી કેબિનેટની બેઠકમાં એક્શન પ્લાન ઘડાયો

**વાયરસના ફેલાવાને રોકવાના પગલા પર ચર્ચા : કેબિનેટની મિટિંગમાં તમામ વરિષ્ઠ પ્રધાનો ઉપસ્થિત રહ્યા દિલ્હી તેમજ અન્ય રાજ્યોમાં પણ કોરોનાને રોકવા પગલા**




નવી દિલ્હી, તા.૪

કોરોના વાયરસને લઈને સ્થિતિ ચિંતાજનક બની રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં કોરોના વાયરસની સ્થિતિ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર ઉપર દિલ્હી અને દેશના અન્ય રાજ્યોમાં પણ સરકારો કોરોના વાયરસને રોકવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. જુદી જુદી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કોરોના વાયરસના ૨૫ શકમંદ કેસો હાલમાં દિલ્હીના સફદરજંગ હોસ્પિટલમાં સારવાળ હેઠળ છે. ચાર શકમંદો રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં સારવાળ હેઠળ છે. કેન્દ્રિય મંત્રી હર્ષવર્ધનનું કહેવુ છે કે ત્રણ લોકો કોરોના

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન મોદી કોરોનાના કારણે હોળીના કાર્યક્રમમાં ભાગ નહીં લે

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઈરસને કારણે ચાલુ વર્ષે હોળીના કાર્યક્રમોમાં ભાગ નહીં લેવાની જાહેરાત કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કર્યું, કોરોના વાઈરસ ફેલાતો અટકે તે માટે વિશ્વભરમાં નિષ્ણાતો સામૂહિક કાર્યક્રમો ઘટાડવાની સલાહ આપે છે. આથી મેં આ વખતે હોળી મિલનના કાર્યક્રમમાં ભાગ નહીં લેવાનો નિર્ણય કર્યો છે.

## કોરોનાગ્રસ્ત દેશો માટો વિશ્વ બેંકે જાહેર કર્યું ૧૨ અરબ ડોલરનું પેકેજ

દુનિયાના અનેક દેશમાં ફેલાયેલા કોરોના વાયરસ વચ્ચે વિશ્વ બેંકે કોરોનાગ્રસ્ત દેશ માટે ૧૨ અરબ ડોલરનું પેકેજ જાહેર કર્યુ છે. વિશ્વબેંકના અધ્યક્ષ ડેવિડ માલપાસે જણાવ્યુ કે, કોરોના વિરૂદ્ધ લડવા માટે અસરગ્રસ્ત દેશને સહાય કરવામાં આવી છે. જે દેશ પાસે પુરા મેડિકલ સાધન નથી તેમને આ ફંડ આપવામાં આવશે.

## હિમાચલમાં આખો પરિવાર નિરીક્ષણ હેઠળ

હિમાચલ પ્રદેશમાં પ્રથમ કોરોના વાઈરસનો એક શંકાસ્પદ કેસ સામે આવ્યો છે. ૩૨ વર્ષીય બિલાસપુરના રહેવાસીએ કોરોનાની અસર જણાતા સ્વાસ્થય વિભાગનો સંપર્ક કર્યો હતો અને કોરોનાના લક્ષણ નજરે પડતા શીમલાના એક હોસ્પીટલમાં આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયો છે. તેના પૂરા પરીવારને પણ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.

# મધ્યપ્રદેશ સરકાર સંકટમાં : કોંગ્રેસ-ગઠબંધન પક્ષના ૧૦ ધારાસભ્યો ગુમ

**ભાજપે અમારા ધારાસભ્યોનું અપહરણ કર્યાનો કોંગ્રેસનો આરોપ**

ભોપાલ,તા.૪

મધ્યપ્રદેશ કોંગ્રેસના આઠ ધારાસભ્યો રાતોરાત હરિયાણા 'ઉડી' જતા ભૂકંપ આવી ગયો છે. મધ્યપ્રદેશ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ભાજપે ગુડગાંવ સ્થિત એક હોટેલમાં આઠ ધારાસભ્યોને ગોંધી રાખ્યા છે. આ ઘટનાક્રમને લઈને મંગળવારે મોડી રાત સુધી કમલનાથ સરકારે ધારાસભ્યોને પરત લાવવા માટે ધમપછાડા કર્યા હતા.

મધ્યપ્રદેશ ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓએ કોંગ્રેસના ધારાસભ્ય બિસાહૂ લાલ સિંહ, હરદીપ સિંહ, અપક્ષ અને બસપાના ધારાસભ્ય સહિત કુલ આઠ જેટલા એમએલએના દિલ્હીની એક ફાઈવ સ્ટાર હોટેલમાં બંધક બનાવી રાખ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. મોડી સાંજે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ દિલ્હી પહોંચ્યા હતા. કમલનાથ સરકારને ઉથલાવવા માટેનું આ ષડયંત્ર હોવાની વાતો પણ વહેતી થઈ છે. બીજીતરફ કોંગ્રેસ સરકાર એક્શનમાં આવી ગઈ છે અને પોતાના ધારાસભ્યોને પરત લાવવા કવાયત આરંભી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસના ધારાસભ્યોને ચાર્ટર્ડ વિમાન મારફતે દિલ્હી લઈ જવાયા હતા. વિપક્ષ ભાજપે કોંગ્રેસના દાવાને ફગાવી દીધો




● અનુસંધાન પાન-૭ પર

# હવે ફાંસી નક્કી : રાષ્ટ્રપતિએ દયા અરજી ફગાવી

**નિર્ભયા કેસ : તમામ દોષિઓના બચવાના રસ્તાઓ બંધ : આજે નવા ડેથ વોરંટ મામલે સુનાવણી : ચારે અપરાધીઓ માટે ડેથ વોરંટ જારી કરી આજે ફાંસીની નવી તારીખ જાહેર થાય તેવી સંભાવના : તમામની નજર**

ન્યુ દિલ્હી,તા.૪

નિર્ભયા કેસમાં ચારેય દોષિતોની પાસે તમામ કાયદાકીય વિકલ્પ ખતમ થઈ ગયા છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દોષિત પવન ગુપ્તાની દયા અરજી ફગાવી દીધી છે. રાષ્ટ્રપતિએ દયા અરજી ફગાવી દેતા હવે દોષિતોની ફાંસીનો રસ્તો ક્લિયર થઈ ગયો છે.

અત્રે જણાવવાનુ કે નીચલી કોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ચારેય દોષિતો મુકેશ, અક્ષય, વિનય અને પવનને ફાંસીની સજા થઈ ચૂકી છે. આ અગાઉ નિર્ભયા કેસના દોષિત પવન ગુપ્તાની ક્યુરેટિવ અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. દોષિત પવને ફાંસીની સજાને ઉમરકેદમાં ફેરવવાની માગણી કરી હતી.

ત્યારબાદ પવન ગુપ્તા પાસે ફક્ત એક જ વિકલ્પ બચ્યો હતો અને તે હતો રાષ્ટ્રપતિ પાસે દયા અરજી મોકલવાનો વિકલ્પ. પરંતુ હવે રાષ્ટ્રપતિએ પણ પવન ગુપ્તાની દયા અરજી ફગાવી દીધી છે.

પટિયાલા હાઉસ કોર્ટ પહેલેથી નિર્ભયાના દોષિતો પવન અને અક્ષયની અરજી ફગાવી ચૂક્યા છે અને ડેથ વોરન્ટ પર રોક લગાવવા પર કોર્ટ ઈંકાર કરી ચૂકી છે. પવન ઉપરાંત બાકીના ત્રણ દોષિત મુકેશ, અક્ષય, અને વિનયની ક્યુરેટિવ અરજી પહેલેથી સુપ્રીમ કોર્ટ ફગાવી ચૂકી છે. ત્યારબાદ રાષ્ટ્રપતિ પણ તેમની દયા અરજી ફગાવી ચૂક્યા છે.

નોંધનીય છે કે પટિયાલા હાઉસ કોર્ટ ચારેય દોષિતો માટે ત્રણવાર ડેથ વોરન્ટ બહાર પાડી ચૂકી છે. પરંતુ કાયદાકીય આંટીઘૂંટીથી ફાંસી ૩ વાર ટળી. આ અગાઉ છેલ્લે ફાંસીની તારીખ ૩ માર્ચ હતી પરંતુ કાયદાકીય દાવપેંચમાં ફસાતા ફાંસી થઈ શકી નહીં.

## હવે ફલાઈટમાં વાઈફાઈ સેવા મળશે

નવી દિલ્હી, તા. ૪

વિમાની યાત્રા કરનાર લોકો માટે સારા સમાચાર છે. કારણ કે ટુંક સમયમાં જ વિમાની યાત્રા દરમિયાન યાત્રીઓ વાયફાય સુવિધાનો ઉપયોગ કરી શકશે. આના માટે સોમવારના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા જાહેરનામુ જારી કરીને દેશની એરલાયન્સ કંપનીઓને આની મંજુરી આપી દીધી હતી. સરકારના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યુ છે કે વિમાનના કમાન્ડર યાત્રીઓને ઈન્ટરનેટ સેવાઓનો ઉપયોગ કરવાની મંજુરી આપી શકે છે. જો કે આના માટે કેટલીક નવી શરતો રહી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર










